## (1) ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કારના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ પુરસ્કાર એ આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય સ્તરે શાંતિ અને વિકાસને પ્રોત્સાહન માટે કાર્ય કરતા હોય તેમને આપવામાં આવે છે.

(2) પુરસ્કાર અંતર્ગત એક પ્રશસ્તિ પત્રની સાથે રૂ. 50 લાખનું ઈનામ આપવામાં આવે છે.

(3) વર્ષ 2019નો પુરસ્કાર એ ડેવિડ એટનબરોને આપવામાં આવ્યો હતો.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ પ્રસિદ્ધ બ્રોડકાસ્ટર અને પ્રકૃતિવાદી ડેવિડ એટનબરોને ઈન્દિરા ગાંધી શાંતિ, નિશસ્ત્રીકરણ અને વિકાસ પુરસ્કાર 2019થી સમ્માનિત કરવામાં આવ્યા છે.

⇛ આ પુરસ્કાર એ ઈન્દિરા ગાંધી ટ્રસ્ટ દ્વારા વર્ષ 1986થી આપવામાં આવે છે.

⇛ પુરસ્કાર એ એવા સંગઠનો અને લોકોને આપવામાં આવે છે. જે આંતરરાષ્ટ્રીય શાંતિ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કાર્ય કરતા હોય.

⇛ આ પુરસ્કાર અંતર્ગત એક પ્રશસ્તિ પત્રની સાથે રૂ. 25 લાખ ઈનામ સ્વરૂપે આપવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) "સ્ટાર્ટ અપ ગ્રામ એન્ટરપ્રિન્યોરશીપ પ્રોગ્રામ" (SVEP)ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) ભારતના બધા જ રાજ્યોમાં આ કાર્યક્રમ એ શરૂ કરવામાં આવેલ છે.
(2) આ કાર્યક્રમને "સ્ટાર્ટ અપ ઈન્ડિયા"ના ઉપ કાર્યક્રમ તરીકે નાણા મંત્રાલય દ્વારા વર્ષ 2016માં શરૂ કરવામાં આવ્યો હતો.
(3) SVEP એ વ્યકિતગત અને સામૂહિક એમ બંને ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે.
(4) એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા એ SVEPને તકનિકી સહાય પૂરી પાડે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ SVEP એ તાજેતરના વર્ષોમાં ભારતના 23 રાજ્યો અને 153 બ્લોકોમાં વ્યવસાય સહાયતા સેવાઓ અને મૂડી આપવા વિશે સહાયતા પ્રદાન કરે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પ્રોગ્રામ એ "દીનદયાલ અત્યોંદય યોજના – રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન"ના એક ઉપ યોજના તરીકે વર્ષ 2016માં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય એ ગ્રામીણ વિસ્તારોને ગરીબીથી બહાર નિકાળવા, તેમને ઉદ્યોગો સ્થાપવા અને ઉદ્યોગોને સ્થિર થવા પર સહાયતા આપવાનું કાર્ય કરે છે.

⇛ એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા-EDII) એ SVEPને તકનિકી સહાયતા પૂરી પાડે છે.

⇛ આ પ્રોગ્રામ વ્યકિતગત અને સામૂહિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે, અને મુખ્ય રૂપથી ઉત્પાદન, વ્યવસાય અને સેવા ક્ષેત્રોમાં ઉદ્યોગોની સ્થાપનાને પ્રોત્સાહન આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

(3) "ઈન્ટરનેશનલ ડે ઓફ કલીન એર ફોર બ્લુ સ્કાઈ"ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) વર્ષ 2020માં આ દિવસ એ સૌપ્રથમ વખત મનાવવામાં આવ્યો હતો.

(2) આ દિવસનું આયોજન એ વર્લ્ડ વાઈલ્ડ ફંડ ફોર નેચર દ્વારા કરવામાં આવે છે.

(3) વર્ષ 2020ના આ દિવસની થીમ "કલીન એર ફોર ઓલ" રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ વર્ષ 2020માં પ્રથમ વખત વૈશ્વિક સ્તર પર "ઈન્ટરનેશનલ ડે ઓફ કલીન એર ફોર બ્લુ સ્કાય"નું આયોજન કરવામાં આવ્યું હતું.

⇒ આ દિવસનો ઉદ્દેશ્ય એ બધા સ્તરો તથા વ્યકિત, સમુદાય, નિગમ અને સરકાર પર આ સંબંધમાં જન જાગૃકતાને વધારવાનો છે કે સ્વચ્છ હવા, સ્વાસ્થ્ય, ઉત્પાદકતા, અર્થવ્યવસ્થા અને પર્યાવરણ દષ્ટિથી ઘણું મહત્ત્વનું છે.

⇒ સંયુકત રાષ્ટ્ર દ્વારા પોતાના 74માં સત્ર દરમિયાન 19 સપ્ટેમ્બર 2019ના "ઈન્ટરનેશનલ ડે ઓફ કલીન એર ફોર બ્લૂ સ્કાય" આયોજન કરવાના સંકલ્પને અપનાવ્યો હતો. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ વર્ષ 2020ના આ દિવસની થીમ એ "કલીન એર ફોર ઓલ" રાખવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના વિશે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ યોજના એ વર્ષ 2030 સુધી લાગુ કરવામાં આવશે.
(2) આ યોજના અંતર્ગત 70 લાખ ટન મત્સ્ય ઉત્પાદનનો ઉદ્દેશ્ય રાખવામાં આવેલ છે.
(3) યોજના મુજબ મત્સ્ય ઉપજ પછીના નુકસાનને ઘટાડી 10% કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.
(4) યોજના માટે રૂ. 50,000 કરોડની ફાળવણી કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 10 સપ્ટેમ્બરના રોજ "પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાની શરૂઆત કરવામાં આવશે.

⇛ આ યોજના એ વર્ષ 2020-21થી 2024-25 સુધી લાગુ કરવામાં આવશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ યોજના માટે રૂ. 20,050 કરોડની રકમ ફાળવવામાં આવી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ યોજનાના માધ્યમથી મત્સ્ય ઉત્પાદન વર્ષ 2024-25 સુધીમાં 70 લાખ ટન સુધી કરવામાં આવશે.

⇛ યોજના દ્વારા મત્સ્ય ઉપજ પછીના નુકસાનને 10% સુધી ઘટાડવાનું લક્ષ્ય રાખવામાં આવેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) પ્રથમ વિશ્વ સોલાર ટેક્નોલોજી સંમેલનના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) સંમેલન દરમિયાન આંતરરાષ્ટ્રીય સૌર સંગઠનની પત્રિકા "સોલાર કંપાસ 360" લોન્ચ કરવામાં આવી હતી.

(2) ભારત સરકાર દ્વારા એકિઝમ બેંક ઓફ ઈન્ડિયાના સહયોગથી ISA સદસ્ય દેશોમાં "બેંકેબલ સોલાર એનર્જી પ્રોજેક્ટ વિકસિત કરવા માટે એક પ્રોજેક્ટ પ્રિપરેશન ફેસિલિટી સ્થાપિત કરી છે.

(3) આ સંમેલન દરમિયાન ત્રણ કરારોની ઘોષણા કરવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ તાજેતરમાં 8 સપ્ટેમ્બરના રોજ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ" દ્વારા પ્રથમ વિશ્વ સોલાર ટેક્નોલોજી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

⇒ આ વર્ચ્યુઅલ સંમેલનમાં 149 દેશોના 20,000થી વધુ લોકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

⇒ સંમેલન અંતર્ગત સસ્તી અને ટકાઉ સ્વચ્છ હરિત ઊર્જામાં ઝડપ લાવવા માટેની ચર્ચા કરવામાં આવી હતી.

⇒ આ સંમેલન દરમિયાન ISAની ટેક્નોલોજી પત્રિકા "સોલાર કંપાસ 360" પણ લોન્ચ કરવામાં આવી હતી.

⇒ આ સંમેલનમાં ત્રણ કરારોની ઘોષણા કરવામાં આવી હતી.

(1) ISA અને આંતરરાષ્ટ્રીય રેફ્રિજરેશન સંસ્થાન

(2) ISA અને ગ્લોબલ ગ્રીન ગ્રોથ ઈન્સ્ટિટયૂટ

(3) ISA અને નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન

⇒ ભારત સરકારની એકિઝમ બેંક ઓફ ઈન્ડિયાના સહયોગથી ISA સભ્ય દેશોમાં "બેંકેબલ સોલાર એનર્જી પ્રોજેક્ટ" વિકસિત કરવા એક "પ્રોજેક્ટ પ્રિપરેશન ફેસિલિટી" સ્થાપિત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT